પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૮૨ | ૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૯, ગુરુવાર; ભાદરવા સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# પડોશમાંથી આતંકવાદની જડ કાઢીશું : મોદી

### આતંકવાદની જડ પડોસી દેશમાં જ ફેલાઈ રહી છે : ભગવાન કૃષ્ણની નગરી મથુરામાં મોદીએ પાકની ઝાટકણી કાઢી : ઓમ અને ગાયના બહાને વિપક્ષ પર આકરા પ્રહારો : ઓમ શબ્દ સાંભળતા જ કેટલાક લોકોના કાન ઉભા થઈ જાય છે : ૧૩૫૦૦ કરોડની યોજના શરૂ

મથુરા,તા.૧૧

ભગવાન કૃષ્ણની નગરી મથુરા પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કહ્યું હતું કે, ૯/૧૧ હુમલાની યાદ આજે પણ હચમચાવી મુકે છે. આ હુમલાની યાદને તાજી કરતા મોદીએ કહ્યું હતું કે, આતંકવાદ એક વૈશ્વિક સમસ્યા છે. આજે આતંકવાદ એક વિચારધારા બની ગઈ છે. આતંકવાદની જડો અમારા પડોસમાં એટલે કે પાકિસ્તાનમાં ફેલાઈ રહી છે. અમે આનો જોરદાર રીતે સામનો કરી રહ્યા છે. આગળ પણ કરતા રહીશું. મોદીએ



ચેતવણી આપતા કહ્યું હતું કે, આતંકવાદની સામે કાર્યવાહી કરવાથી ભારત ખચકાટ અનુભવ કરશે નહીં. આતંકવાદીઓને આસરો અને ટ્રેનિંગ આપનારની સામે કાર્યવાહી કરવા માટે ભારત સંપૂર્ણ પણે સક્ષમ છે અને આ બાબતની સાબીતિ પણ આપી ચુક્યા છે. મોદીએ આજે દુધ આપતા પશુઓનો ગંભીર બિમારીથી મુક્ત કરાવવા માટે ૧૩૫૦૦ કરોડની ટિકાકરણ યોજનાની શરૂઆત કરાવી હતી. આ વર્ષે ૨ ઓક્ટોબર સુધીમાં ઘર, ઓફિસ સિંગલ યુઝ પ્લાસ્ટિકમાંથી મુક્ત થાય તે જરૂરી છે. સિંગલ યુઝ પ્લાસ્ટિક એટલે કે એવું પ્લાસ્ટિક જે એક વાર વાપરીને ફેંકવામાં આવે છે. મોદીએ મથુરામાં કચરો વીણનારી મહિલાઓ સાથે પણ મુલાકાત કરી હતી. વડાપ્રધાને મથુરા માટે ૧,૦૦૦ કરોડથી વધુની યોજનાઓનો શિલાન્યાસ કર્યો છે. મોદીએ વેટરનરી વિશ્વ વિદ્યાલયમાં પશુ આરોગ્ય મેળાનું ઉદ્ઘાટન કર્યું. વડાપ્રધાને મેળામાં ખેડૂતો સાથે વાતચીત કરી હતી. આ દરમિયાન તેમણે એ જાણવાની

● અનુસંધાન પાન-૭ પર

## પ્લાસ્ટીક મુક્ત ભારતના સંકલ્પનો શુભારંભ



પ્લાસ્ટીક મુક્ત ભારત : પ્લાસ્ટીક મુક્ત ભારત બનાવવાના સંકલ્પનો શુભારંભ કરાવતા દેશના પ્રધાન સેવક શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બુધવારે મથુરા નગરીની ૨૫ કચરો વિણનારી બહેનો સાથે વાતચીત કરીને પ્લાસ્ટીકના નિકાલની વ્યવસ્થા અંગે ઝીણવટથી માહિતી મેળવી હતી. આગામી દિવસોમાં પ્લાસ્ટીક મુક્ત ભારત અભિયાન આરંભાઈ રહ્યું છે ત્યારે પ્રધાનમંત્રીએ કચરો વીણનારી બહેનો પાસેથી પ્લાસ્ટીક સંદર્ભે માહિતી આપી દેશને સંદેશ આપવાનો પ્રયાસ કર્યો હતો... આ સમયે કચરો વીણનારી મહિલાઓનું પણ અભિવાદન કર્યું હતું.

# હવે પોક સરકારના એજન્ડામાં ટોચે

### પોકને ભારતના અખંડ હિસ્સા તરીકે બનાવાશે : પાકિસ્તાનનુ અયોગ્ય પ્રચાર છતાં વિશ્વના દેશો ભારતની સાથે ઉભા છે : કાશ્મીરમાં સંચારબંધી જેવી સ્થિતી નથી : કેન્દ્રિય પ્રધાન જીતેન્દ્ર સિંહ

જમ્મુ,તા. ૧૧

જમ્મુ કાશ્મીરમાં આર્ટિકલ ૩૭૦ને દુર કરવામાં આવ્યા બાદ હવે કેન્દ્ર સરકારના એજન્ડામાં પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર (પોક) છે. કેન્દ્રિય પ્રધાન જીતેન્દ્ર સિંહે આજે કહ્યુ હતુ કે અમારા એજન્ડામાં હવે પોક ભારતના અખંડ હિસ્સા તરીકે રજૂ કરવાની બાબત છે. ઉધમપુર-કઠુઆ લોકસભા સીટથી ચૂંટાઈ આવ્યા બાદ જીતેન્દ્રસિંહે પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર પર કહ્યુહતુ કે આ માત્ર તેમની પાર્ટી અથવા તો તેમની કટિબદ્ધતા નથી. બલ્કે વર્ષ ૧૯૯૪માં પીવી નરસિંહ રાવના નેતૃત્વમાં તત્કાલીન કોંગ્રેસ સરકાર દ્વારા સર્વસંમતિથી પાસ કરવામાં આવેલા સંકલ્પ તરીકે છે. આ એક સ્વીકાર્ય વલણ તરીકે છે. કલમ ૩૭૦ને નાબુદ કરવામાં આવ્યા બાદ પાકિસ્તાન તરફ ખોટા અને જુઠ્ઠાણાના પ્રચાર કરવામાં આવી રહ્યા છે. વડાપ્રધાનની કચેરીમાં રાજ્યપ્રધાન સિંહે કહ્યુ હતુ કે વિશ્વનુ વલણ ભારત તરફી રહ્યુ છે. પાકિસ્તાનના ખોટા પ્રચારની કોઈ અસર થઈ નથી. તેમણે કહ્યુ હતુ કે કેટલાક દેશો જે પહેલા ભારતના વલણની સાથે ન હતા તે પણ હવે ભારતની સાથે ઉભા છે.સિંહે કહ્યુ હતુ કે કાશ્મીરમાં સામાન્ય લોકોને મળી રહેલા લાભથી તમામ લોકો ખુશ છે. કેન્દ્રિય પ્રધાને કહ્યુ હતુ કે કાશ્મીરમાં કોઈ પણ જગ્યાએ બંધની સ્થિતી નથી અને કોઈ જગ્યાએ સંચારબંધી પણ નથી.

● અનુસંધાન પાન-૭ પર

## આંધ્રપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી ચન્દ્રબાબુ નજર કેદ

અમરાવતી,તા. ૧૧

આંધ્રપ્રદેશમાં વર્તમાન વાયએસઆરસીપી સરકાર અને પૂર્વ મુખ્યપ્રધાન ચન્દ્રબાબુ નાયડુની પાર્ટી વચ્ચે ખેંચતાણ વધવાના સંકેત દેખાઈ રહ્યા છે. પૂર્વ મુખ્યપ્રધાન નાયડુ પાર્ટી કાર્યકરો અને નેતાઓની સાથે ગન્ટુર જિલ્લામાં સરકાર વિરોધી રેલી કરનાર હતા પરંતુ તે પહેલા જ તેમને અટકાયતમાં લઈ લેવામાં આવ્યા હતા.

રેલીની મંજુરી ન મળતા તેઓએ ભુખ હડતાળ કરવાનો નિર્ણય કર્યો હતો. ત્યારબાદ તેમને અને તેમના પુત્ર નર લોકેશને તેમના ઘરમાં જ નજર કેદમાં પકડી લેવામાં આવ્યા છે.

## ન્યુઝ ટ્રેક

**ભારત-ચીન બોર્ડર પર યુદ્ધાભ્યાસ**

ચીન બોર્ડ પર ભારતીય સેના ઓક્ટોબરમાં એક મોટો યુદ્ધ અભ્યાસ કરશે. ભારતીય સેનાની એકમાત્ર માઉન્ટેન સ્ટ્રાઈક કોરના ૫ હજારથી વધુ જવાનો અરૂણાચલ પ્રદેશમાં વાયુસેના સાથે યુદ્ધ અભ્યાસ કરશે. ચીની બોર્ડર પર પ્રથમ વખત આ પ્રકારનો યુદ્ધાભ્યાસ થશે.

**પી.કે. સિન્હા પીએમના મુખ્ય સલાહકાર**

પૂર્વ કેબિનેટ સચિવ પી.કે. સિન્હાને પ્રધાનમંત્રીના મુખ્ય સલાહકાર તરીકે નિયુક્તિ આપવામાં આવી છે. તેઓએ પોતાનો પદભાર સંભાળી લીધો છે. નૃપેન્દ્ર મિશ્રાના પદમુક્ત થયા બાદ તેમને આ જવાબદારી અપાઈ છે.

**પાક.માં દૂધ પેટ્રોલથી મોંઘુ**

પાકિસ્તાનના ઘણા શહેરોમાં મોહરમના તહેવારોના કારણે દૂધના ભાવોમાં ભારે ઉછાળો આવ્યો હતો. પેટ્રોલ અને ડીઝલના ભાવ દૂધ કરતા વધી ગયા છે. કરાચી અને સિંધ પ્રાંતમાં દૂધ ૧૪૦ રૂ. પ્રતિ લીટર વેચાઈ રહ્યું છે.

**દિલ્હીમાં ટ્રાફિક નિયમ ભંગ બદલ રૂ. ૧.૪૧ લાખનો મેમો**

નવો મોટર વ્હીકલ એક્ટ ૨૦૧૯ લાગુ થયા બાદ દિલ્હીમાં સૌથી વધારે રકમનો મેમો ફાડવાના સમાચાર સામે આવ્યા છે. દિલ્હીની રોહિણી કોર્ટમાં રૂ. ૧,૪૧,૭૦૦નો મેમો ફાટ્યો છે. રાજસ્થાનના એક ટ્રક માલિકે દિલ્હીની રોહિણી કોર્ટમાં દંડની તમામ રકમ ભરી દીધી છે.

# યુએનએ કાશ્મીર મુદ્દે મધ્યસ્થતાની પાકની માંગ ફગાવી

### કાશ્મીર મુદ્દો ભારત-પાકિસ્તાન પરસ્પર વાતચીતથી ઉકેલે : જો આ મામલે ભારત કહેશે તો જ વિચાર કરવામાં આવશેઃ યુએન મહાસચિવ

યુએન,તા.૧૧

પાકિસ્તાન તરફથી સતત જમ્મુ-કાશ્મીર મુદ્દો આંતરરાષ્ટ્રીય સ્તરે ઉઠાવવામાં આવી રહ્યો છે અને બધેથી તેને ફક્ત નિરાશા જ મળી રહી છે. હવે સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એટોનિયો ગુટેરેસે પણ પાકિસ્તાનને ગાલ પર સણસણતો તમાચો માર્યો છે. ગાટેરેસે સ્પષ્ટ કહી દીધું છે કે, જમ્મુ-કાશ્મીરનો મુદ્દો ભારત અને પાકિસ્તાન પરસ્પર વાતચીતથી ઉકેલે.

સંયુક્ત રાષ્ટ્ર મહાસચિવે આ મામલે મધ્યસ્થતા કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે અને જવાબમાં કહ્યું છે કે, જો આ મામલે ભારત કહેશે તો જ વિચાર કરવામાં આવશે.

સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાનની પ્રતિનિધિ મલીહા લોધી તરફથી એંતોનિયો ગુટેરેસ સામે આ મામલો ઉઠાવવામાં આવ્યો હતો. હવે એટોનિયોના પ્રવક્તા સ્ટીફન દુજારેકે આ મામલે વલણ સ્પષ્ટ કર્યું છે અને જવાબ આપ્યો છે. દુજારેકે કહ્યું છે કે, ભારત-પાકિસ્તાને કોઈ પણ પ્રકારના આક્રમક વલણથી બચવું જોઈએ અને બંને દેશોએ પરસ્પદ રીતે જ કાશ્મીર મુદ્દાને ઉકેલવો જોઈએ.

ઉલ્લેખનીય છે કે,



એંટોનિયો ગુટેરેસે ગત મહિને ૭૭ સમિટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી, તો પાકિસ્તાનના વિદેશ મંત્રી શાહ મહેમૂદ ખુરેશી પણ ગુટારેસને મળ્યાં હતાં.

ત્યાર બાદ ગત બુધવારે મલીહા લોધીએ યૂએન મહાસચિવ સાથે મુલાકાત કરી અને જમ્મુ-કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યો હતો. આ મુલાકાત્ બાદ જ્યારે મીડિયા તરફથી સવાલોનો મારો ચલાવવામાં આવ્યો તો મહાસચિવના પ્રવક્તાએ કહ્યું હતું કે, મધ્યસ્થતાને લઈને સંયુક્ત રાષ્ટ્રનું વલણ પહેલા જેવું જ છે.

## તોયબાનો ટોપનો કમાન્ડર આસિફ આખરે ઠાર

નવી દિલ્હી,તા. ૧૧

જમ્મુ કાશ્મીરમાં સક્રિય રહેલા ત્રાસવાદીઓનો ખાતમો જારી રહ્યો છે. હવે વધુ એક ખતરનાક ત્રાસવાદીને ઠાર કરી દેવામાં આવ્યો છે. હવે રાજ્યના સોપોરેમાં સુરક્ષા દળોએ લશ્કરે તોયબાના ટોપ કમાન્ડરને ઠાર કરી દીધો છે. સુરક્ષા દળોને મોટી સફળતા હાથ લાગી હતી. જમ્મુ કાશ્મીર પોલીસના સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે તોયબાના ઠાર કરવામાં આવેલા ત્રાસવાદી પાસેથી મોટી માત્રામાં મોતનો મસાલો કબજે કરવામાં આવ્યો છે. ઠાર કરવામાં આવેલો આ આસિફ નામનો ત્રાસવાદી અનેક પ્રકારની ત્રાસવાદી ગતિવિધીમાં સીધી રીતે સામેલ હતો.

# રેવેન્યુ માટે નહીં પરંતુ જીવન બચાવવા કડક ટ્રાફિક નિયમો : નિતિન ગડકરી

### રાજ્ય સરકારો પોતાની મહેચ્છાથી દંડ ઘટાડી શકે : માર્ગ પરિવહનને સુરક્ષિત કરવાનો હેતુ છે



નવી દિલ્હી, તા. ૧૧

કેન્દ્રીય પરિવહન મંત્રી નિતિન ગડકરીએ નવા ટ્રાફિક નિયમોને લઈને લોકોમાં ફેલાઈ રહેલી નારાજગીના સંદર્ભમાં પ્રતિક્રિયા આપી છે. ગડકરીએ કહ્યું છે કે, ટ્રાફિક નિયમોને કઠોર કરવાનો નિર્ણય લોકોની જિંદગીને બચાવવાના પ્રયાસરૂપે કરવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા દંડની રકમ ઓછી કરવાના નિર્ણય ઉપર તેમણે કહ્યું હતું કે, તેઓ આ વિષય ઉપર માત્ર એટલી જ વાત કરવા માંગે છે કે, દંડ મારફતે મળેલી રકમ રાજ્ય સરકારોને જ મળશે. રાજ્ય સરકારો દંડ ઘટાડવાનો નિર્ણય પોતે કરી શકે છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, કેન્દ્ર સરકારનો ઈરાદો માર્ગોને વધુ સુરક્ષિત બનાવવાનો છે. ગડકરીને લઈને લોકોમાં નારાજગી જોવા મળી રહી છે. ગડકરીએ એમ પણ કહ્યું છે કે, જો લોકો ટ્રાફિક

● અનુસંધાન પાન-૭ પર

# ડીકે શિવકુમારની પુત્રીને ઈડી દ્વારા નોટીસ : અબજોની સંપત્તિની માલિક

### ચૂંટણી એફિડેવિટમાં કોંગ્રેસના નેતા ડીકે શિવકુમારે ૬૧૮ કરોડની તેમજ ૨૨ વર્ષીય પુત્રીની ૧૦૮ કરોડની સંપત્તિ જાહેર કરી

બેંગલોર, તા. ૧૧

એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટ (ઈડી) દ્વારા મની લોન્ડરિંગના કેસમાં ધરપકડ કરવામાં આવેલા કોંગ્રેસના નેતા ડીકે શિવકુમારની પુત્રીને નોટીસ ફટકારવામાં આવી છે. દિલ્હીની એક કોર્ટે શિવકુમારને ૧૩મી સપ્ટેમ્બર સુધી ઈડીની કસ્ટડીમાં મોકલી દેવાનો આદેશ પહેલાથી જ કરવામાં આવી ચુક્યો છે. એવી ચર્ચા છે કે, ડીકે શિવકુમારે પોતાની ૨૨ વર્ષીય પુત્રી એશ્વર્યાના નામ ઉપર કરોડો રૂપિયાની સંપત્તિ ખરેદેલી છે. ૨૦૧૮માં ચૂંટણી એફિડેવિટમાં પણ શિવકુમારે પોતાના નામ ઉપર ૬૧૮ કરોડ રૂપિયાની સંપત્તિ અને પુત્રીના ઉપર ૧૦૮ કરોડ રૂપિયાની સંપત્તિ હોવાની વાત કરી હતી. ૨૦૧૩ની એફિડેવિટમાં શિવકુમારે પુત્રીના નામ ઉપર ૧.૧ કરોડ રૂપિયાની સંપત્તિ હોવાની વાત કરી હતી. આના ઉપર પ્રશ્નો ઉભા થયા બાદ શિવકુમારે ખુલાસો કર્યો હતો કે, તેમની પુત્રી તેમના ઉપર આધારિત છે. તેઓ જનપ્રતિનિધી કાયદા હેઠળ તેમની પણ સંપત્તિ જાહેર કરી રહ્યા છે. મેનેજમેન્ટમાં ગ્રેજ્યુએટ થયેલી એશ્વર્યા પોતાના પિતા દ્વારા સ્થાપીત ગ્લોબલ એકેડેમી ઓફ ટેકનોલોજીમાં ટ્રસ્ટી તરીકે છે. શિવકુમારે એફિડેવિટમાં આ બાબતનો ઉલ્લેખ પણ

● અનુસંધાન પાન-૭ પર

# ચિદમ્બરમની જામીન માટે અરજી

નવી દિલ્હી,તા.૧૧

આઈએનએક્સ મીડિયા કેસમાં ધરપકડ કરવામાં આવ્યા બાદ હાલમાં તિહાર જેલમાં પહોંચેલા પૂર્વ નાણામંત્રી પી. ચિદમ્બરમે જામીન માટે દિલ્હી હાઈકોર્ટમાં આજે અપીલ કરી હતી. ચિદમ્બરમે આ કેસમાં ૧૪ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીના સીબીઆઈ કોર્ટના આદેશને પણ પડકાર ફેક્યો છે. આ મામલાની તપાસ સીબીઆઈ દ્વારા કરવામાં આવી રહી છે. ચિદમ્બરમ હાલમાં જ્યુડિશિયલ કસ્ટડીમાં તિહાર જેલમાં છે. ખાસ સીબીઆઈ જર્જ અજય કુમાર દ્વારા આપવામાં આવેલા જ્યુડિશિયલ કસ્ટડીના આદેશને ચિદમ્બરમે પડકાર ફેક્યો છે. ચિદમ્બરમને ગયા ગુરુવારના દિવસે કોર્ટમાં રજુ કરવામાં આવ્યા હતા. અહીં ૧૪ દિવસ માટે ચિદમ્બરમને જ્યુડિશિયલ કસ્ટડી માટે મોકલી દેવામાં આવ્યા હતા. ચિદમ્બરમને હાલ ૧૯મી સપ્ટેમ્બર સુધી તિહાર જેલમાં રહેવું પડશે. કોર્ટના આદેશ બાદ ચિદમ્બરમને તિહાર જેલમાં મોકલવામાં આવ્યા હતા. બે દિવસની સીબીઆઈ કસ્ટડી ખતમ થયા બાદ તપાસ સંસ્થાએ ગુરૂવારના દિવસે ચિદમ્બરમને કોર્ટમાં રજૂ કર્યા હતા.

2 Nt MAHARANI BAGH RANAKPUR (MAP)
2 Nt SAFARI CAMP (MAP)
2 Nt KUMBHABAGH (MAP)
2 Nt RAMADA (MAP)
2 Nt MAHUABAGH (MAP)
KUMBHALGARH
2 Nt LAKEND (MAP)
2 Nt MAHARANA (MAP)
2 Nt ANANTA RESORT (MAP)
2 Nt FATEHGARH UDAIPUR (MAP)
UDAIPUR
पधारो म्हारे राजस्थान
2 Nt UMMED (MAP)
2 Nt KHIMSAR FORT
2 Nt ITC JODHPUR (MAP)
JODHPUR (MAP)
1 Nt GORBANDH (MAP)
1 Nt DDS CAMP (MAP)
2 Nt BALSAMAND (CP)
JAISALMER/ JODHPUR
2 Nights TIGRESS RANTHAMBHORE (AP)
2 Nights LAKE NAHARGARH (CHITTORGARH) (MAP)
SUNDAY OPEN
DDS 94261 79900, 079-2657 4743
98985 97002 www.ddsholidays.com

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225